દિવ્યાંગ વ્યક્તિઓ માટે સરકારી સેવાઓમાં અનામત રાખેલ જગ્યાઓ પર કેવા પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોની નિમણૂંક થઇ શકે તે અંગે વિચારણા કરવા મળેલ પેટા તજજ્ઞ સમિતિની તા.૨૯/૦૧/૨૦૨૧ના રોજ ૧૨:૩૦ કલાકે મળેલ બેઠકની કાર્યવાહી નોંધ.

૧. ધ રાઇટ્સ ઓફ પર્સન્સ વીથ ડિસેબિલિટીઝ એક્ટ-૨૦૧૬ની કલમ-૩૪માં થયેલ જોગવાઇ અનુસાર સરકારી સેવાઓમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે અનામત રાખેલ જગ્યાઓ પર, નિમણૂંક માટે કેવા પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો ઉમેદવારી કરી શકે તે નક્કી કરવા માટે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદે તા.૨૯/૦૧/૨૦૨૧ના રોજ સવારે ૧૨:૩૦ કલાકે બેઠક મળેલ. આ બેઠકનું આયોજન નીચે જણાવેલ ત્રણ વિભાગો હસ્તકના સંવર્ગોમાં ઉમેદવારી કરવા લાયક દિવ્યાંગોની દિવ્યાંગતા સુનિશ્ચિત(post identification) કરવાની દરખાસ્ત પર ચર્ચા-વિચારણા હેતુ કરવામાં આવેલ.

1. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ હસ્તકના કમિશનરશ્રી, મ્યુનિસિપાલિટી એડ્મિનિસ્ટ્રેશન હસ્તકના ૧ સંવર્ગમાં દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરવા તેમજ રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓના કુલ ૮ સંવર્ગોને દિવ્યાંગ અનામતમાંથી મુક્તિ આપવા અંગેની દરખાસ્ત.
2. નર્મદા,જળ સંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હસ્તકના કુલ ૨૪ સંવર્ગમાં દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરવા બાબતની દરખાસ્ત.
3. શિક્ષણ વિભાગ હસ્તકના કુલ ૪ સંવર્ગો માટે દિવ્યાંગતાને પેટાવિભાજીત કરવા/ દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરવા બાબતની દરખાસ્ત.

૨. આ બેઠકમાં નીચે મુજબના સમિતિના સભ્યશ્રીઓ તથા આમંત્રિત તજજ્ઞો હાજર રહેલ.

1. અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.) & I/C કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના.
2. નિયામકશ્રી, સમાજ સુરક્ષા
3. નાયબ સચિવશ્રી (સમાજ સુરક્ષા), સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
4. નાયબ સચિવશ્રી (કર્મચારીગણ) વતી સેકશન અધિકારી (ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ.
5. કમિશનરશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ વતી ડૉ. હિતેષ એચ. બ્રહ્મભટ્ટ
6. નાયબ નિયામકશ્રી, સમાજ સુરક્ષા.
7. નાયબ કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના.

ઉક્ત ત્રણેય વિભાગ તરફથી રજૂ થયેલ દરખાસ્તને સંબધિત અધિકારીઓ તથા સંબધિત કર્મચારીઓ ઉપસ્થિત રહેલ હતાં.

૩. અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)એ સૌને આવકારી બેઠકની શરૂઆત કરી. ભારત સરકારે તા.૦૪/૦૧/૨૦૨૧ના નોટિફિકેશનથી RPwD Act, 2016 પ્રમાણે ભારત સરકાર હસ્તકના સંવર્ગો માટે વિકલાંગતા નક્કી કરેલ છે. વિભાગો દ્વારા કરવામાં આવેલી દરખાસ્તમાં જે તે સંવર્ગ માટે સમાન પ્રકારના સંવર્ગ માટે ભારત સરકારે વિકલાંગતા નક્કી કરેલ હોય તો

તેની વિગતો રજૂ કરવા જણાવ્યુ ત્યારબાદ સૌ પ્રથમ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની દરખાસ્ત પર ચર્ચા શરૂ કરી.

૪. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ હસ્તકની અગ્નિ નિવારણ સેવાઓના ૮ સંવર્ગ માટે વિભાગ દ્વારા દિવ્યાંગ અનામતમાંથી મુક્તિ આપવાની દરખાસ્ત કરવામાં આવેલ. તજજ્ઞ સમિતિ દ્વારા ઉક્ત સંવર્ગને અનુરૂપ ભારત સરકાર દ્વારા નક્કી કરેલ સમાન પ્રકારના સંવર્ગને ધ્યાને લેતા તેમાં અમુક દિવ્યાંગતાનો સમાવેશ કરેલ હોવાનું જણાતાં Deaf જેવી દિવ્યાંગતાના પ્રકારનો અગ્નિ નિવારણ સેવાઓ માટે માન્ય રાખવા બાબતે આગામી બેઠકમાં ENT સર્જનને આમંત્રિત કરી તેમનો અભિપ્રાય લઇ, ઉક્ત સંવર્ગો માટે દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરવાનું સૂચન કર્યું. તજજ્ઞ સમિતિ દ્વારા કમિશનરશ્રી, મ્યુનિસિપાલિટી એડ્મિનિસ્ટ્રેશન હસ્તકની સફાઇ કામદારની જગ્યા માટે ભારત સરકાર દ્વારા તા.૦૪/૦૧/૨૦૨૧ના નોટિફિકેશન ધ્યાને લઇ નીચે મુજબની દિવ્યાંતાના પ્રકાર માન્ય રાખવામાં આવ્યા.

| શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ હસ્તકના કમિશનરશ્રી, મ્યુનિસિપાલિટી એડ્મિનિસ્ટ્રેશનના નીચે મુજબના સંવર્ગ માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ વિકલાંગતા | | | |
| | | | A | B | C | D &E | A | B | C | D &E |
| ૧ | સફાઇ કામદાર | ૪ | LV | HH | OA, OL, OAL, BL, | SLD | LV (40 - 70)% | FD, HH (40-70)% | OA, OL, BL, OAL, CP, LC, D, AAV, | ASD(M, MoD) SLD, ID M(40-70)%, MD(40-70)% |

૫. ત્યારબાદ તજજ્ઞ સમિતિ દ્વારા નર્મદા,જળ સંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હસ્તકની નીચે મુજબના દરેક સંવર્ગની કામગીરી તથા ભારત સરકારના તા.૦૪/૦૧/૨૦૨૧ના નોટિફિકેશનમાં સમાન સંવર્ગ માટે નક્કી કરેલ દિવ્યાંગતાના પ્રકારને ધ્યાને લઇ નીચે મુજબના દિવ્યાંગતાના પ્રકારને માન્ય રાખવામાં આવેલ છે.

| નર્મદા,જળ સંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હસ્તકના ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા, વડોદરા તથા વિભાગ હસ્તકના નીચે મુજબના સંવર્ગો માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ વિકલાંગતા | | | |
| | | | A | B | C | D &E | A | B | C | D &E |
| 1 | સીનીયર સાયન્ટીફીક | 3 | - | FD, HH | LD-OA, OL,OAL, D, AAV | - | - | FD, HH (40-70)% | OA, OL, BL, D, | ASD(M, MoD) SLD, MD(40-70)% |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | આસીસ્ટન્ટ | | | | | | | | AAV | |
| 2 | જુનીયર સાયન્ટીફીક આસીસ્ટન્ટ | 3 | | FD, HH | LD-OA, OL,OAL, D, AAV | - | - | FD, HH (40-70)% | OA, OL, BL, D, AAV | ASD(M, MoD) SLD, MD(40-70)% |
| 3 | પ્રયોગશાળા મદદનીશ | 3 | | FD, HH | LD-OA, OL,OAL, D, AAV | - | - | FD, HH (40-70)% | OA, OL, BL, D, AAV | ASD(M, MoD) SLD, MD(40-70)% |
| 4 | મુખ્ય ઇજનેર (સીવીલ) | ૧ | - | - | - | - | - | FD, HH (40-70)% | OA,OL, LC, D, AAV | SLD, M (40-70)%, MD(40-70)% |
| 5 | મુખ્ય ઇજનેર (યાંત્રિક) | ૧ | - | - | - | - | - | FD, HH (40-70)% | OA,OL, D, AAV | SLD, M (40-70)% MD(40-70)% |
| 6 | અધિક્ષક ઇજનેર (સીવીલ) | ૧ | - | - | - | - | - | FD, HH (40-70)% | OA,OL, LC, D, AAV | SLD, M (40-70)% MD(40-70)% |
| 7 | અધિક્ષક ઇજનેર (યાંત્રિક) | ૧ | - | HH | OL,LC,DF, AC | HP, TH, SCD | - | FD, HH (40-70)% | OA,OL, D, AAV | SLD, M (40-70)% MD(40-70)% |
| 8 | અધિક્ષક ઇજનેર (ભૂસ્તર) | ૧ | - | - | - | - | - | FD, HH (40-70)% | OA,OL, CP, LC, D, AAV | SLD, M (40-70)% MD(40-70)% |
| 9 | અધિક્ષક ઇજનેર, એસ.ડી.આર. | ૧ | - | - | - | - | - | FD, HH (40-70)% | OA,OL, CP, LC, D, AAV | SLD, M (40-70)% MD(40-70)% |
| 10 | ભૂસ્તરશાસ્ત્રી | ૧ | - | HH | OA, OL, LC, DF, AC | HP,TH, SCD | - | FD, HH (40-70)% | OA,OL, CP, LC, D, AAV | SLD, M (40-70)% MD(40-70)% |
| 11 | કાર્યપાલક ઇજનેર(સીવીલ) | ૧ | - | HH | OA, OL, LC, DF, AC | HP,TH, SCD | - | FD, HH (40-70)% | OA,OL, LC, D, AAV | SLD, M (40-70)% MD(40-70)% |
| 12 | કાર્યપાલક ઇજનેર(યાંત્રિક) | ૧ | - | HH | OL, LC, DF, AC | HP,TH, SCD | - | FD, HH (40-70)% | OA,OL, D, AAV | SLD, M (40-70)% MD(40-70)% |
| 13 | ભૂમિ મોજણી અધિકારી | ૧ | - | - | - | - | સીધી ભરતીના ફાળે જગા આવતી ન હોઇ, સમિતિએ કોઇ દિવ્યાંગતા નક્કી કરેલ નથી. | | | |
| 14 | સંશોધન અધિકારી | ૧ | - | HH | OL,LC,DF, AC | HP, TH, SCD | B, LV (40-70)% | FD, HH (40-70)% | OA, BA,OL, CP, LC, D,AAV | ASD(M), SLD, M (40-70)% MD(40-70)% |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 15 | મદદનીશ સંશોધન અધિકારી | ૨ | - | HH | OA, OL,LC,DF, AC | HP, TH, SCD | B, LV (40-70)% | FD, HH (40-70)% | OA, BA,OL, CP, LC, D,AAV | ASD(M), SLD, M(40-70)% MD(40-70)% |
| 16 | ભૂસ્તરશાસ્ત્રી | ૨ | - | HH | OA,OL,LC ,DF,AC | | - | FD, HH (40-70)% | OA,OL, CP, LC, D, AAV | SLD, M (40-70)% MD(40-70)% |
| 17 | નાયબ ભૂમિ મોજણી અધિકારી | ૨ | - | - | - | - | સીધી ભરતીના ફાળે જગા આવતી ન હોઇ, સમિતિએ કોઇ દિવ્યાંગતા નક્કી કરેલ નથી. | | | |
| 18 | નાયબ કાર્યપાલક ઇજનેર(સીવીલ) | ૨ | - | HH | OA,OL,LC ,DF,AC | HP, TH, SCD | - | FD, HH (40-70)% | OA,OL, LC, D, AAV | SLD, M (40-70)% MD(40-70)% |
| 19 | નાયબ કાર્યપાલક ઇજનેર(યાંત્રિક) | ૨ | - | HH | OA,OL,LC ,DF,AC | HP, TH, SCD | - | FD, HH (40-70)% | OA,OL, D, AAV | SLD, M (40-70)% MD(40-70)% |
| 20 | મદદનીશ ઇજનેર(સીવીલ) | ૨ | - | HH | OA,OL,LC ,DF,AC | HP, TH, SCD | - | FD, HH (40-70)% | OA,OL, LC, D, AAV | SLD, M (40-70)% MD(40-70)% |
| 21 | અધિક મદદનીશ ઇજનેર(સીવીલ) | 3 | - | HH | OA,OL,LC ,DF,AC | HP, TH, SCD | - | FD, HH (40-70)% | OA,OL, LC, D, AAV | SLD, M (40-70)% MD(40-70)% |
| 22 | ઓવરશીયર (સીવીલ) | 3 | - | - | - | - | વિભાગ દ્વારા આ સંવર્ગની પુન: દરખાસ્ત કરવામાં આવશે તેમ જણાવેલ. | | | |
| 23 | મદદનીશ ઇજનેર(યાંત્રિક) | ૨ | - | HH | OA,OL,LC ,DF,AC | HP, TH, SCD | - | FD, HH (40-70)% | OA,OL, D, AAV | SLD, M(40-70)%, MD(40-70)% |
| 24 | અધિક મદદનીશ ઇજનેર(યાંત્રિક) | 3 | - | HH | OA,OL,LC ,DF,AC | HP, TH, SCD | - | FD, HH (40-70)% | OA,OL, D, AAV | SLD, M (40-70)%, MD(40-70)% |

૬. શિક્ષણ વિભાગ દ્વારા ૪ સંવર્ગમાં દિવ્યાંગ માટે અનામત રાખવામાં આવેલ 3% ને ૧.૫%-૧.૫% મુજબ બે પ્રકારની દિવ્યાંગતાના પ્રકારમાં પેટા વિભાજીત કરવાની દરખાસ્ત રજૂ કરવામાં આવેલ. શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવેલ દરખાસ્ત પરત્વે અધિક મુખ્ય સચિવશ્રીએ નવા RPwD Act, 2016 લાગુ થયેલ હોવાથી જગ્યાની ટકાવારીનું પેટા વિભાજન કરવા બાબતે સામાન્ય વહીવટ વિભાગનો પરામર્શ કરવા સૂચન કર્યું તથા તજજ્ઞ સમિતિનું કાર્ય જગ્યાઓમાં દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરવાનું હોવાનું જણાવ્યુ. શિક્ષણ વિભાગની દરખાસ્ત પરત્વે ભારત સરકારના નોટિફિકેશનને ધ્યાને લઇ તજજ્ઞ સમિતિ દ્વારા નીચે મુજબના દિવ્યાંગતાના પ્રકારને માન્ય રાખવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગ હસ્તકના નીચે મુજબના ૪ સંવર્ગો માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા

| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | વિભાગની દરખાસ્ત | | | | તજ્જ્ઞ સમિતિએ મંજૂર કરેલ વિકલાંગતા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | A | B | C | D &E | A | B | C | D &E |
| 1 | માધ્યમિક શિક્ષક (ગ્રાન્ટેડ) | 3 | - | - | - | - | B, LV (40 - 70)% | HH (40-70)% | OA, OL, BL, OAL, CP, LC, D, AAV | SLD, M (40-70)%, MD (40-70)% |
| 2 | ઉચ્ચ માધ્યમિક શિક્ષક (ગ્રાન્ટેડ) | 3 | - | - | - | - | B, LV (40 - 70)% | HH (40-70)% | OA, OL, BL, OAL, CP, LC, D, AAV | SLD, M (40-70)%, MD (40-70)% |
| 3 | માધ્યમિક શિક્ષક (સરકારી) | 3 | - | - | - | - | B, LV (40 - 70)% | HH (40-70)% | OA, OL, BL, OAL, CP, LC, D, AAV | SLD, M (40-70)%, MD (40-70)% |
| 4 | ઉચ્ચ માધ્યમિક શિક્ષક (સરકારી) | 3 | - | - | - | - | B, LV (40 - 70)% | HH (40-70)% | OA, OL, BL, OAL, CP, LC, D, AAV | SLD, M (40-70)%, MD (40-70)% |

{ Code and functional classification:- Blind (**B**), Low vision (**LV**), Fully Deaf (**FD**), Hard of hearing(**HH**), [Locomotor disability (**LD**) :- **OA** (one arm), **OL**(one leg), **BA**(both arm), **BH**(both hands), **OAL**(one arm one leg) , **BLA**(both legs and arms) , **BLOA**( both legs one arm), **OABL**(one arm both legs), **BAOL**(both arms one leg), **BABL**(both arms both leg), **OAOL**(one arm one leg) ], Cerebral palsy (**CP**), Leprosy cured (**LC**), Dwarfism (**D**), Acid attack victim(**AAV**), Muscular dystrophy (**MDy**), Intellectual disability(**ID**), Specific learning disability (**SLD**), Mental illness (**M**),
[Autism Spectrum Disorder **(ASD) M**-Mild, **MoD**-Moderate],
[Multiple Disabilities **(MD)** :- Disabilities included in group **(A)** to **(D)**].

૭. અન્ય કોઇ મુદ્દા પરત્વે ચર્ચા બાકી ન હોઇ, હાજર સૌનો આભાર માની અધિક મુખ્ય સચિવશ્રીએ બેઠક સમાપ્ત કરી.

(જી.પી.પટેલ)
નાયબ સચિવ અને સભ્ય સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

(ડૉ. હિતેષ એચ. બ્રહ્મભટ્ટ)
O.S.D.
કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ
અને તબીબી શિક્ષણની કચેરી વતી.

(જી.એન.નાચિયા)
**નિયામક**
**નિયામક, સમાજ સુરક્ષા ખાતની કચેરી**

(કે.કે.પટેલ)
નાયબ સચિવ (ક.ગ.)
સામાન્ય વહીવટ વિભાગ

(બી.જી. નીનવાલે)
**નાયબ કમિશનર,**
**કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિ માટેનાની કચેરી**

(મનોજ અગ્રવાલ)
**અધિક મુખ્ય સચિવશ્રી અને અધ્યક્ષ**
**સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.**